## મોડાસાની ડુઘરવાડા પંચાયતના સરપંચ સહિત સભ્યોને

# મંજૂરી વગર કામો કરાવા તેમજ ઉચાપત અંગે નોટીસ

મોડાસા તાલુકાની ડુગરવાડા ગ્રામપંચાયતમાં સરપંચ તેમજ સભ્યો દ્વારા સત્તાનો દુરુપયોગ કરી કામ કરવામાં આવ્યું છે. તેમજ નાણાંકીય ગેરરિતી પણ થઈ હોવાનું ફલિત થતાં સાથે પૂર્વ મંજૂરી વગર કામો કરી નાણાં ચુકવી દેવાના પગલે અરવલ્લી જિલ્લા વિકાસ અધિકારીએ મોડાસા તાલુકાની ડુગરવાડા ગ્રામ પંચાયતના સરપંચ તેમજ સદસ્યોને નોટીસ પાઠવી તમને હોદ્દા ઉપરથી દુર કેમ ન કરવા તે અંગે ખુલાસો આપવા જણાવ્યું હતું. કેટલીકવાર સદસ્યો કે સરપંચ દ્વારા નિયમોના વિરૂધ્ધમાં જઈને કામો કરવામાં આવતા હોય છે. વહીવટને જાણે પોતાના ખિસ્સામાં રાખતા હોય તેમ મનસ્વી નિર્ણયો લઈ મનસ્વી રીતે કામો કરતા હોય છે. મોડાસા તાલુકાના ડુગરવાડા ગામની ગ્રામપંચાયતમાં પણ આવો એક કિસ્સો સામે આવ્યો હતો. જેમાં ગ્રામપંચાયતના સરપંચ તેમજ સદસ્યો દ્વારા વહીવટીય પૂર્વ મંજૂરી વગર જ કામો કરાવી દીધા હોવાની સાથે નાણાકીય ગેરરિતી અંગે પણ ડીડીઓ સમક્ષ આવ્યું હતું. તાંત્રિક મંજૂરી લીધા પહેલાં સાગવા ગામે કૂવો ઉંડો કરવાનું કામ પુરુ કર્યા પછી તાંત્રિક મંજૂરી લીધી હતી. બાદમાં વહીવટી મંજૂરી માટે તાલુકા વિકાસ અધિકારીની મંજૂરી મળી ગયેલ છે તેવું ખોટી રીતે દર્શાવી ઉપલી કચેરીને ગેરમાર્ગે દોરી પૂર્વ મંજૂરી વગર કામ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. ગુજરાત પંચાયત બાંધકામો અને વિકાસ યોજનાના નિયમો મુજબ સક્ષમ સત્તાધિકારીની જે સત્તા મર્યાદામાં તાંત્રિક મંજૂરી અને વહીવટી મંજૂરી મેળવીને જ પછી કામગીરી હાથ ધરવાની હોવાના નિયમો હોવા છતાં આ નિયમોનું પાલન કરવામાં આવ્યું નહોતું અને મનસ્વીપણે કામ કરાવી ૧.૪૨ લાખનો ખર્ચ કરી દેવામાં આવ્યો હતો સહિતના કેટલાય કામોમાં મનસ્વીપણે કામ કરાવવા, તંત્રની મંજૂરી ન લેવી તેમજ નાણાંકીય ગેરરિતી પણ ગ્રામ પંચાયતમાં થઈ હોવાનું તંત્રને ધ્યાને આવતાં જિલ્લા વિકાસઅધિકારી સમક્ષ ખુલાસો કરવા માટે નોટીસ આપવામાં આવી હતી.

## ડીડીઓએ કયા કયા કામો મંજૂરી વગર તેમજ નાણાંકીય ગેરરિતીવાળા અંગે નોટીસ પાઠવી

૧. સાગવા કામે કૂવો ઉંડો કરવાનું કામ પુરુ કર્યા પછી તાલુકા વિકાસ અધિકારીની મંજૂરી મેળવી હોવાનું ખોટી રીતે દર્શાવી
૨. સત્તાધિકારીની સત્તા મર્યાદામાં તાંત્રિક મંજૂરી અને વહીવટી મંજૂરી વગર ૧૪૨૦૦૦નો ખર્ચ કરાયો
૩. ગ્રામપંચાયત પાસે પુરતું બેલેન્સ ન હોવા છતાં ચેક ઈસ્યુ કરવામાં આવ્યો
૪. લોકસભા-૨૦૧૯ની ચૂંટણીની આચારસંહિતાના આધારો લઈ મંજૂરી ઝડપી મળી શકે તેમ નથી તેવું બતાવી પાણીની સમસ્યા સુલઝાવવા કામ કરેલ છે તેવું દર્શાવ્યું અને કોઈ પણ પ્રકારની મંજૂરી વગર ૨૩ જુલાઈના રોજ કામની પૂર્ણતાના પ્રમાણપત્ર સીવાય નાણાંની ચુકવણી કરવામાં આવી.
૫. બજેટમાં જોગવાઈ ન હોવા છતાં ખર્ચ કરતાં પ્રાથમિક દ્રષ્ટિએ ગેરરિતિ આચર્યાનું માલુમ પડ્યું
૬. સત્તાનો દુરુપયોગ કરી વગર મંજૂરીએ નાણાં ચુકવેલ હોવાથી ગેરરિતી થઈ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ દેખાય છે.
૭. સંબંધિત તલાટી કમ મંત્રીને કારણોદર્શક નોટીસ આપતાં તેઓએ જણાવ્યું હતું કે આ કામ દબાણપૂર્વક તેમના પાસે કરવાવમાં આવ્યું છે.
૮. નિયમોનુસાર અને પરવાનગી ન મેળવેલ હોવા છતાં કરવામાં આવેલ ખર્ચને પણ તે પછીની ગ્રામપંચાયતની બેઠમાં બહાલી આપવામાં આવી હોવાથી સત્તાનો દુરુપયોગ કરવામાં આવ્યો છે.
૯. નવ હજારનું ચુકવણું કયા કામ માટે કરેલ છે તેની કોઈ સ્પષ્ટતા રોજમેળ કે નમુના નં-૧૫માં કરવામાં આવી ન હોવાથી નાણાંકીય નિતિ નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું છે.
૧૦. ગ્રામપંચાયતના કારકુન પટાવાળા તરીકે નોકરી કરતા કર્મચારીને દહાડીયા પત્રકથી ચુકવણું કરેલ છે. તેમજ પગારનું ચુકવણું પણ કરવામાં આવ્યું હોવાથી નાણાંકીય ગેરરિતી થઈ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ દેખાય છે.



## પ્રાંતિજના મૌછા ગામમાં શિક્ષકની બદલી થતા વિદ્યાર્થીઓએ ધારાસભ્યને આવેદનપત્ર

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના મૌછા પ્રાથમિક શાળાના એચટાટ આચાર્ય ફાજલ થઈને બદલી થતાં શાળાના વિદ્યાર્થીઓએ બદલી રોકવા ધારાસભ્યને આવેદનપત્ર આપ્યું હતુ. પ્રાંતિજ તાલુકાના મૌછા ગામે આવેલ પ્રાથમિક શાળામાં એચટાટ આચાર્ય તરીકે ફરજ બજાવતા ફાજલ શિક્ષક મનીષભાઈ પ્રજાપતિ કે જેવો સરકારી ધારા ધોરણ મુજબ વધમા પડતા તેવોની અન્ય જગ્યાએ બદલી થતા મૌછા પ્રાથમિક શાળાના બાળકો તથા વાલીઓ ગ્રામજનો દ્વારા પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારના તલોદ ખાતે આવેલ નિવાસ્થાને વહેલી સવારે જઈને આવેદનપત્ર આપી બદલી ના કરવાની માંગ કરી રજુઆતો કરી હતી.

## માહિતી ખાતાના અધિકારીઓના બઢતી-બદલીના હુકમ

ગાંધીનગર, તા. ૧૩

માહિતી નિયામક હસ્તકની વિવિધ કચેરીઓમાં ફરજ બજાવતા વર્ગ-૧ અને ૨ ના અધિકારીઓની મોટાપાયે બઢતી અને બદલીના હુકમો કરવામાં આવ્યા છે. મુખ્યમંત્રીશ્રીના કાર્યાલયમાં જનસંપર્ક અધિકારી તરીકે ફરજ બજાવતા સહાયક માહિતી નિયામક ઉદય વૈષ્ણવને નાયબ માહિતી નિયામક તરીકે બઢતી આપવામાં આવી છે. એક સાથે સોળ અધિકારીઓની બદલી અને બઢતીના હુકમો થયા છે.

| અધિકારીનુ નામ | હાલની નિમણુંકનું સ્થળ | બદલીવાળી જગ્યાનું સ્થળ |
|---|---|---|
| પી.એસ. પટેલ | પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ | નાયબ માહિતી નિયામક, સોશિયલ મિડીયા શાખા, મા. નિયામકની કચેરી, ગાંધીનગર |
| એસ.એમ. બુબડીયા | જિલ્લા માહિતી કચેરી, જામનગર | નાયબ માહિતી નિયામક, આર.આર. શાખા, મા. નિયામકની કચેરી,ગાંધીનગર |
| આર.કે. જાની | જિલ્લા માહિતી કચેરી, જૂનાગઢ | નાયબ માહિતી નિયામક, જિલ્લા માહિતી કચેરી, જામનગર |
| બી.પી. દેસાઈ | જિલ્લા માહિતી કચેરી, નડિયાદ | નાયબ માહિતી નિયામક, પ્રાદેશિક માહિતી કચેરી, વડોદરા |
| અમિત ગઢવી | સોશિયલ મિડીયા શાખા, માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર | નાયબ માહિતી નિયામક, જિલ્લા માહિતી કચેરી, પાટણ |
| એમ.ડી. મોડાસિયા | આર.આર.શાખા, માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર | નાયબ માહિતી નિયામક, જિલ્લા માહિતી કચેરી, ભૂજ |

એચ.સી. ઉપાધ્યાય, સહાયક માહિતી નિયામક (સંપાદન), વર્ગ-૨, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદને નાયબ માહિયી નિયામક, વર્ગ-૧ તરીકે બઢતી આપીને નાયબ માહિતી નિયામક, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદ ખાતે નિમણૂંક આપવામાં આવે છે.

એ.એસ. બારોટ, સહાયક માહિતી નિયામક (સંપાદન), વર્ગ-૨, આર.આર.શાખા, માહિતી નિયામકની કચેરી, ગાંધીનગરને નાયબ માહિતી નિયામક, વર્ગ-૧ તરીકે બઢતી આપીને નાયબ માહિતી નિયામક, જિલ્લા માહિતી કચેરી, ભરૂચ ખાતે નિમણૂંક આપવામાં આવે છે.

એસ.જે. બળેવીયા, સહાયક માહિતી નિયામક (સંપાદન), વર્ગ-૨, જિલ્લા માહિતી કચેરી, લુણાવાડાને નાયબ માહિતી નિયામક, વર્ગ-૧ તરીકે તદ્દન હંગામી ધોરણે બઢતી આપીને નાયબ માહિતી નિયામક, જિલ્લા માહિતી કચેરી, દાહોદ ખાતે નિમણુંક આપવામાં આવે છે.

એ.એમ. પરમાર, સહાયક માહિતી નિયામક (સંપાદન), વર્ગ-૨, જિલ્લા માહિતી કચેરી, પોરબંદરને નાયબ માહિતી નિયામક, વર્ગ-૧ તરીકે બઢતી આપીને નાયબ માહિતી નિયામક, જિલ્લા માહિતી કચેરી, જૂનાગઢ ખાતે નિમણૂંક આપવામાં આવે છે.

શ્રીમતી આઈ.સી. વ્યાસ, સહાયક માહિતી નિયામક (સંપાદન), વર્ગ-૨, પ્રાદેશિક માહિતી કચેરી, અમદાવાદને નાયબ માહિતી નિયામક, વર્ગ-૧ તરીકે બઢતી આપીને નાયબ માહિતી નિયામક, જિલ્લા માહિતી કચેરી, નડીયાદ ખાતે નિમણૂંક આપવામાં આવે છે.

યુ.કે. વૈષ્ણવ, સહાયક માહિતી નિયામક (સંપાદન), વર્ગ-૨, પ્રકાશન શાખા, માહિતી નિયામકની કચેરી, ગાંધીનગરને નાયબ માહિતી નિયામક, વર્ગ-૧ તરીકે બઢતી આપીને નાયબ માહિતી નિયામક, ઈલેક્ટ્રોનિક મિડીયા શાખા, માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર ખાતે નિમણૂંક આપવામાં આવે છે.

એ.બી. મછાર, સહાયક માહિતી નિયામક (સંપાદન), વર્ગ-૨, પ્રકાશન શાખા, માહિતી નિયામકની કચેરી, ગાંધીનગરને નાયબ માહિતી નિયામક, વર્ગ-૧ તરીકે બઢતી આપીને નાયબ માહિતી નિયામક, જિલ્લા માહિતી કચેરી, હિંમતનગર ખાતે નિમણૂંક આપવામાં આવે છે.

પી.વાય. દેસાઈ, સહાયક માહિતી નિયામક (સંપાદન), વર્ગ-૨, પ્રકાશન શાખા, માહિતી નિયામકની કચેરી, ગાંધીનગનરે નાયબ માહિતી નિયામક, વર્ગ-૧ તરીકે બઢતી આપીને નાયબ માહિતી નિયામક, જિલ્લા માહિતી કચેરી, વલસાડ ખાતે નિમણૂંક આપવામાં આવે છે.

જે.એચ. આચાર્ય, સહાયક માહિતી નિયામક (સંપાદન), વર્ગ-૨, પ્રકાશન શાખા, માહિતી નિયામકની કચેરી, ગાંધીનગરને નાયબ માહિતી નિયામક, વર્ગ-૧ તરીકે બઢતી આપીને નાયબ માહિતી નિયામક, પ્રકાશન શાખા, માહિતી નિયામકની કચેરી, ગાંધીનગર ખાતે નિમણૂંક આપવામાં આવે છે.

જી.જે. દવે, સહાયક માહિતી નિયામક (સંપાદન), વર્ગ-૨, માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રીની કચેરી, રાજભવન, ગાંધીનગનરે નાયબ માહિતી નિયામક, વર્ગ-૧ તરીકે બઢતી આપીને માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રીની કચેરીમાં અખબારી સચિવની જગ્યા (નાયબ માહિતી નિયામક, વર્ગ-૧ની જગ્યા) ઉપર નિમણૂંક આપવામાં આવે છે.

# લાખણીમાં જરૂરિયાતમંદ બાળકો માટે શિક્ષણનો સેવા યજ્ઞ

## પિતાની યાદને જીવંત રાખવા ધો. ૧ થી ૮ ના આધુનિક શૈક્ષણિક સંકુલનું નિર્માણ



બનાસકાંઠા જિલ્લાના અંતરિયાળ અને શૈક્ષણિક રીતે પછાત તાલુકા મથક લાખણી ખાતે એક સેવાભાવીએ સ્વર્ગસ્થ પિતાની યાદમાં જરૂરિયાતમંદ સર્વ સમાજના ગરીબ બાળકોને શિક્ષણ મળી રહે તે માટે શિક્ષણનો સેવા યજ્ઞ આરંભ્યો છે.

સેવાભાવી લાલજીભાઈએ તેમના પિતા કાળાભાઈ ખેતાભાઈ ભેદરૂ (ભગત)ની યાદમાં પછાત વિસ્તારમાં ગરીબ બાળકોને શિક્ષણ અને રોજગારી મળી રહે તેવા ઉમદા ઉદ્દેશ્યથી શિક્ષણ યજ્ઞ આદર્યો છે. જેમાં સર્વ પ્રથમ તેમને કે. કે. ભેદરૂ ચેરીટેબલ ટ્રસ્ટની રચના કરી તેના માધ્યમથી ૨૦૧૪ અને ૧૫ માં લાખણી ખાતે યુવાનોને સરકારી નોકરી મળી રહે તે માટે કોચિંગ કલાસ શરૂ કર્યા હતા જેના કારણે આ વિસ્તારના ૨૫ યુવાનોને નોકરી મળી હતી. જેથી તેમનો જોમ અને જુસ્સો બેવડાતા લોક સહકારથી તેમણે સ્વ ખર્ચે બાળકોને આધુનિક ઢબે પાયાનું શિક્ષણ મળી રહે તે માટે ૨૦૧૬મા ભાડાના મકાનમાં પ્રાથમિક શાળા શરૂ કરી ત્યારબાદ સરકારે ૨૦૧૮માં જમીન ફાળવતા ત્યાં આધુનિક શૈક્ષણિક સંકુલનું નિર્માણ કર્યુ છે. જે આ પછાત વિસ્તારના ગરીબ અને સાચે જ ભણવા માંગતા બાળકોની ઉજ્જવળ કારકિર્દીમાં ‘પાયાનો પથ્થર‘ પુરવાર થશે.

આ બાબતે લાલજીભાઈ ભેદરૂએ એક મુલાકાતમાં જણાવ્યું હતું કે, તમામ સમાજના ગરીબ અને જરૂરિયાતમંદ બાળકોને પાયામાં આધુનિક શિક્ષણ મળી રહે તેવા એકમાત્ર ઉદ્દેશ્યથી શૈક્ષણિક સંકુલ બનાવ્યું છે જેમાં ભણીને બાળકો ઉચ્ચ કારકિર્દી ઘડી શકશે જેનાથી સમાજ, તાલુકો અને છેલ્લે દેશનો પણ વિકાસ થશે આ સેવા યજ્ઞમાં ગ્રામજનો અને વાલીઓનો પૂરતો સહકાર મળતો હોવાનું ઉમેરી તેમણે હું દાન લેવા જતો નથી પણ આ સતકાર્યથી પ્રભાવિત થઈને કોઈ દાન આપે તો સહર્ષ સ્વીકારું છું તેમ પણ જણાવ્યું હતું.

એકબાજુ સરકાર ખર્ચ ઘટાડવા પ્રાથમિક શાળાઓ નજીકના અંતરના બહાને બંધ કરી રહી છે ત્યારે આ સેવાભાવીએ ગાંઠના ખર્ચે તે પણ જરૂરિયાતમંદ બાળકો માટે શિક્ષણ સંકુલ બનાવ્યું છે તેથી તેમની સેવાની સુવાસ ચોમેર મહેંકી ઉઠી છે. ત્યારે આ સંકુલની શૈક્ષણિક સુવાસ પણ ચોમેર મહેંકી ઉઠશે તેમાં બેમત નથી. પંથકના હિતમાં શિક્ષણના આદરાયેલા આ સેવા યજ્ઞમાં હરકોઈ આહુતિ આપે તેમ કહેવું અનુચિત નહિ ગણાય. અનોખા આ સંકુલમાં ગતરોજ પૂ. સંત નાગરવનજી મહારાજના હસ્તે ૨૫૦ જેટલા છોડનું વૃક્ષારોપણ પણ કરાયું હતું.

### કાતિલ ઠંડી... ● પહેલા પાનાનું ચાલુ

પ્રદેશ સુધી પણ તેની અસર જોવા મળી રહી છે. આ મહિનાની શરૂઆતથી સતત છવાયેલા રહેલા ધુમ્મસના પગલે વાહન વ્યવહાર ઉપર તેની ગંભીર અસરો જોવા મળી છે. જમ્મુ કાશ્મીરમાં કાતિલ ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. ઉત્તરપ્રદેશ અને પંજાબમાં ધુમ્મસની સૌથી ખરાબ અસર થઈ છે. વિમાની અને ટ્રેન સેવાને અસર થઈ છે. કેટલીક લાંબા અંતરની ટ્રેન પણ મોડેથી દોડી રહી છે. રેલવે સ્ટેશન પર યાત્રી બેહાલ બન્યા છે. એક તરફ ધુમ્મસ અને બીજી તરફ ઠંડીમાં વધારાના કારણે લોકોને લાંબા સમય સુધી ઠંડીમાં ઠુઠવાઈને પણ ટ્રેનની રાહ જોવી પડી છે. રેલવે અધિકારીઓનું કહેવું છે કે, ધુમ્મસે રેલવે ટાઈમ ટેબલ જેવું કંઈ રહેવા દીધું નથી. કોઈપણ ટ્રેનના સમયમાં વારંવાર ફેરફાર કરવા પડી રહ્યા છે. જેને લઈને જો ટ્રેનના ઉપડવાના સમયને સાચો બતાવવામાં આવે તો પણ મુશ્કેલી ઉભી થઈ શકે તેમ છે. ધુમ્મસની ચાદરના કારણે કેટલીક ટ્રેનોના કાર્યક્રમમાં ફેરફાર કરવાની ફરજ પડી છે. આ ઉપરાંત વિમાની સેવાને પણ માઠી અસર થઈ છે. નવ ઈન્ટરનેશનલ ફલાઈટમાં વિલંબ થયો છે. ટ્રેનો લેટ થવા અને ફલાઈટોમાં વિલંબ થવાના કારણે લાખોના સંખ્યામાં લોકો જુદી જુદી જગ્યાએ અટવાઈ પડ્યા છે.

### સ્થિતી તંગ... ● પહેલા પાનાનું ચાલુ

છે. મેગાલયમાં પણ વિરોધ પ્રદર્શન જારી છે. મેગાલય અને આસામમાં ઈન્ટરનેટ સેવા બંધ રાખવામાં આવી છે. દરમિયાન આસામના મુખ્યપ્રધાન સર્બાનંદ સોનોવાલે કહ્યુ છે કે રાજ્યમાં હિંસામાં ઓલ આસામ સ્ટુડન્ટ યુનિયન અને અન્ય સ્થાનિક સંગઠનોની સંડોવણી છે. મેંઘાલય અને આસામના કેટલાક ભાગોમાં સંચારબંધી જારી છે. કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહની અપીલ બાદ ત્રિપુરામાં દેખાવો ખતમ થઈ ગયા છે પરંતુ ઈન્ટરનેટ સેવા બંધ રાખવામાં આવી છે. નાગરિક સુધારા બિલને લઈને જારી વિરોધ પ્રદર્શન અને વ્યાપક હિંસા વચ્ચે કાનુન અને વ્યવસ્થાની સ્થિતી વણસી રહી છે ત્યારે સ્થિતીને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. સ્થિતીને કાબુમાં લેવા માટે સૈનાની બે ટુકડી પણ તૈનાત કરવામાં આવી છે. આસામના ૧૦ જિલ્લામાં મોબાઈલ ઈન્ટરનેટ સેવા પણ પૂર્ણ રીતે બંધ કરી દેવામાં આવી છે. બીજી બાજુ ત્રિપુરામાં પણ હાલત કફોડી બની રહી છે. ત્રિપુરામાં વિરોધ પ્રદર્શન જારી છે. આસામ રાઈફલ્સના જવાનોને ત્યાં તૈનાત કરવામાં આવ્યા છે. આસામ રાઈફલની એક એક ટુકડીને ત્રિપુરાના કંચનપુરા અને મનુમાં તૈનાત કરવામાં આવી છે. પરીક્ષાને સ્થગિત કરવામાં આવી છે. સાવચેતીના તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. આસામમાં તો કેટલીક ફલાઈટો રદ કરવામાં આવી છે.નાગરિક સુધારા બિલને લઈને દેશના કેટલાક ભાગોમાં વિરોધ પ્રદર્શન અને હિંસા જારી છે. આસામમાં સૌથી વિસ્ફોટક સ્થિતિ સર્જાઈ ગઈ છે. પ્રદર્શન વધુ તીવ્ર બનતા અનેક ટ્રેનોને રદ કરવામાં આવી છે. સેનાને પણ બોલાવવાની ફરજ પડી છે.જોરહાટ, ગોલાઘાટ, ડિબ્રુગઢ, તીનસુકિયા, શિવસાગર, સોનીતપુર સહિતના વિસ્તારોમાં લોકો હિંસા ઉપર ઉતરી આવ્યા છે.

### ગાઢ ધુમ્મસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગઈકાલે મોડી સાંજે શહેરમાં અચાનક જ વાતાવરણમાં પલ્ટો જોવા મળ્યો હતો. સુસવાટા મારતા ઠંડા પવન અને આકાશમાં થતા વિજચમકારાની સાથે વરસાદના છાંટણા પડયા હતા. જયારે ઠંડીના જોર વચ્ચે વરસાદી મોસમ નિખરતા નાગરિકોએ આકરી ઠંડી વેઠવાનો વારો આવ્યો હતો. જયારે વાતાવરણ પલ્ટાના બીજા દિવસે અલબત્ત આજે સવારે વાતાવરણમાં ગાઢ ધુમ્મસ છવાયેલુ જોવા મળ્યુ હતુ. માર્ગો પર ચાર ફુટ આગળનુ વિઝન પણ સ્પષ્ટ ન થતા વાહનચાલકોએ પણ જોખમી સ્થિતિમાં મુકાવાનો વારો આવ્યો હતો. બીજીતરફ મોર્નિંગ વોક પર જતા વોકર્સે મોસમના આ નઝારાની મજા માંણી હતી જો કે ધુમ્મસની અસર વચ્ચે નગરનુ જનજીવન વિશેષ પ્રભાવિત થયુ હતુ. નગરના મુખ્યમાર્ગો પર વાહનોએ અટકીને જવુ પડે તેવી સ્થિતિ હતી. ઠંડી, વરસાદી વાયરો અને સવારના ધુમ્મસના લીધે નગરજનો વિચિત્ર મોસમનો અહેસાસ કરી રહ્યા છે. જેના લીધે જનઆરોગ્ય પર વિપરિત અસર જોવા મળી રહી છે.

### ખેલ મહાકુંભ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વ્યક્તીગત રમતોનો સમાવેશ થાય છે. આ રમતોમાં વિજેતા થયેલા રમતવીરોને ૧ કરોડ ૮૦ હજારથી વધુના રોકડ પુરસ્કારો જે તેના ખાતામાં સીધા જમા આપવામાં આવ્યા છે. જિલ્લાકક્ષાના આ કાર્યક્રમમાં શહેરી વિસ્તારના ખેલ મહાકુંભના ૨૭૦૦ રમતવીરો અને ગ્રામ્ય વિસ્તારના ૩ હજારથી વધુ રમતવીરો જે પ્રથમથી તૃતિય સ્થાન મેળવ્યુ છે તેમને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે. આગામી દિવસોમાં રાજ્યકક્ષાનો પણ ઈનામ-પ્રમાણપત્ર વિતરણ સમારોહ આગામી પખવાડિયામાં અમદાવાદ ખાતે યોજવામાં આવશે. રાજયમાં રમતવીરોને પ્રોત્સાહન મળે તે માટે ખેલ મહાકુંભની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કરાવ્યો હતો. આજે યોજાનાર આ પ્રમાણપત્ર વિતરણ સમારોહની તૈયારીઓને અંતિમ ઓપ આપી દેવામાં આવ્યો છે. સવારે ૯ વાગે શરૂ થનાર આ કાર્યક્રમ માટે તંત્રએ લગભગ તૈયારીઓ પુરી કરી દીધી હોવાનું જાણવા મળલે છે.

### દરખાસ્તો મંજૂર... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિસ્તારોમાં ઝુંપડપટ્ટીના રહીશો દ્વારા જાહેર શૌચાલયોનો ઉપયોગ થતો નથી. આથી નિગરાની સમિતિઓની કામગીરીને અસરકારક બનાવવામાં આવે તેવો આગ્રહ કાઉન્સીલરોએ કર્યો હતો.

આ બેઠકમાં શહેરમાં વધતી જતી ગંદકીનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો હતો. સભ્યોએ સ્વચ્છતા અંગે આગ્રહ કર્યો હતો. ખાસ કરીને સેકટરોની આંતરિક સફાઈ માટે આગ્રહ કર્યો હતો. આ ઉપરાંત જાહેર શૌચાલયોની સ્વચ્છતા અંગે પણ મોનીટરીંગને સઘન બનાવવા માટે સભ્યોએ આગ્રહ કર્યો હતો. કમિશનરશ્રીએ એસબીએમ વૉટર પ્લસ જાહેર કરવાની દરખાસ્તમાં જણાવ્યુ છે કે મનપા સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાંથી શુદ્ધ થયેલુ પાણી ઉદ્યાનો માટે ઉપયોગમાં લે છે. આ ઉપરાંત નગરમાં તમામ ઘરો ભૂગર્ભ ગટર સાથે જોડાયેલ છે. શહેરમાં પાણીનો ઉપયોગ પણ યોગ્ય રીતે કરવામાં આવી રહ્યો છે. હાલ નગરમાં ૧૦ એમ.એલ.ડી. પાણીનો સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે જ્યારે વધુ ૫૦ એમ.એલ.ડી.નો સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે જે ઉલ્લેખનીય છે.

### પમ્પીંગ મશીનરી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જવાબદાર છે. જેને અનુલક્ષીને અગાઉ તંત્ર દ્વારા નવા બોર , સંપ તેમજ ઓવરહેડ ટાંકીના નિર્માણનુ કામ હાથ ધરાયુ હતુ. જયારે પાણીની ટાંકી અને સંપની કામગીરી બાદ ગામડાઓમાં ઓવરહેડ ટાંકીમાંથી પાણી સપ્લાય કરવા માટે પમ્પીંગ મશીનરીની કામગીરી પણ ટુંકમાં હાથ ધરાશે. પાલજ બાસણ અને બોરીજમાં આ પ્રકારની પમ્પીંગ મશીનરી માટે રૂ ૧ કરોડનો ખર્ચ કરાશે. જયારે આગામી ચાર મહીનામાં કામ પુર્ણ કરી દેવાશે જેના અંતે ઓવરહેડ ટાંકીમાંથી પાણી સપ્લાય કરી શકાશે.અલબત્ત આકરી ગરમીના દિવસોમાં શહેરી વિસ્તારના ગામોમાં ફોર્સથી પાણી સપ્લાય કરવામાં આવતા પાણીની સમસ્યાનો અંત આવશે. શહેરી વિસ્તારના ગામોમાં વર્ષોથી માળખાગત સુવિધાઓનો અભાવ હોવાનો આક્રોશ સ્થાનિકો ઠાલવી રહ્યા છે. જયારે પાણીની સમસ્યાને ડામવા માટે પણ સ્થાનિકો દ્વારા વારંવાર રજુઆતો કરવામાં આવી રહી છે. આકરી ગરમીના દિવસોમાં આ ગામોમાં પાણીના મામલે બેડા યુધ્ધ જેવી સ્થિતિનુ નિર્માણ થાય છે. ત્યારે આગામી ઉનાળામાં શહેરી ગામોમાં પાણીની સમસ્યાનો અંત આવશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

### હડાદ પાસે પૂરઝડપે બાઈક ચલાવતો ચાલક ઝડપાયો

બનાસકાંઠા જિલ્લાના હડાદ પોલીસ મથક વિસ્તારમાં આવેલા અખંડ આનંદ હાઈસ્કુલ ત્રણ રસ્તા પાસે પોલીસે ચેકિંગ દરમિયાન રાજસ્થાનનો કરણભાઈ પાંચા નામનો ઈસમ તેનું પલ્સર મોટર સાયકલ પુરઝડપે હંકારતો હોય પોલીસે ઝડપી લઈ તેની સામે હડાદ પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ચંગવાડા પાસે દારૂ પીધેલી હાલતમાં વાહન ચાલક ઝડપાયો

બનાસકાંઠા જિલ્લાના છાપી પોલીસ મથક વિસ્તારમાં આવેલા ચંગવાડા-કાણોદર રોડ પર ગતરોજ પોલીસના ચેકિંગ દરમિયાન વડગામ તાલુકાના ચંગવાડા ગામના શાંતિભાઈ ઝાંઝોર નામનો ઈસમ પોતાનું એક્ટિવા ટુ-વ્હીલર દારૂ પીધેલી હાલતમાં હંકારતા ઝડપાઈ જતાં તેની સામે છાપી પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### પાલનપુરમાં બેફિકરા વાહન ચાલક સામે પોલીસ કાર્યવાહી

પાલનપુર ડીસા હાઈવે બાલાજી મોટર્સ સામે પોલીસ ચેકિંગ દરમિયાન કાંકરેજ તાલુકાના કંબોઈના અઢાણી પાર્ટી ગામના ભાથીજી સોલંકી સામે પોલીસે તેની ઈકોવાન પુર ઝડપે અને ગફલતભરી રીતે હંકારવા બદલ તેની સામે પાલનપુર શહેર પશ્ચિમ પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સોનગઢ પાસે પૂરઝડપે વાહન હંકારતાં ચાલક સામે કાર્યવાહી

પાલનપુર તાલુકા પોલીસ મથક વિસ્તારમાં આવેલા સોનગઢ નજીક પોલીસને ચેકિંગ દરમિયાન અમીરગઢ તાલુકાના સરોત્રા ગામના જસવંતસિંહ ડાભી પોતાનું વાહન મહીન્દ્રા બોલેરો ગાડી રોંગ સાઈડમાં પૂરપાટ ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી પોતાનો તેમજ અન્ય લોકોનો જીવ જોખમાય તે રીતે ડ્રાઈવિંગ કરતા મળી આવતા તેમની સામે પાલનપુર તાલુકા પોલીસ મથકે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### અકસ્માત ઝોન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટ્રાફિક નિયમનના નામે માત્ર દંડ વસુલી કરીને રોડ સેફટીની વાતો કરી લેવાથી માર્ગ સલામતીનુ ચિત્ર સબળુ થશે નહીં. પરંતુ પૈડા પરની જિન્દગીને જોખમી બનતી અટકાવવા માટે પોલીસે પાટનગર યોજના વિભાગને કરેલા સુચનોનો અમલ પણ અનિવાર્ય છે. અગાઉ પોલીસે આ મામલે શહેરમાં રોડ સેફટીને અનુલક્ષી ૮૦ જેટલી જગ્યાઓ પર જરૂરી સલામતીના પરિબળો યોગ્ય કરવા માટે પાટનગર યોજના ભવનને ભલામણ કરી હતી. પરંતુ હજુ પણ આ મામલે કોઈ પગલા લેવાયા નથી.

# લાખણી તાલુકામાં કમોસમી માવઠાથી વ્યાપક નુકશાન

બનાસકાંઠા જિલ્લામાં ગત ગુરૂવારે વધુ એક કુદરતી આફતે શિયાળુ વાવેતરનો ખાત્મો બોલાવી દીધો છે તેમાં લાખણી તાલુકામાં પણ ભર શિયાળે છવાયેલા અષાઢી માહોલે વિનાશ વેર્યો છે.



દાડમના વાવેતર માટે વખણાતાં લાખણી તાલુકામાં હવે ભાવ ન મળતા અને વારંવાર કુદરતી આફતો આવતા ખેડૂતો અન્ય પાકોનું વાવેતર કરવા લાગ્યા છે પણ કુદરતી આફતો ખેડૂતોનો પીછો છોડતી નથી ગત ચોમાસુ સીઝનમાં પછોતરા સતત વરસાદે પાકો ધોઈ નાખ્યા હતા. તેમ છતાં દિવાળી બાદ હવે શિયાળામાં પણ અવારનવાર વરસાદ ખાબકી રહ્યો છે તેમાં પણ સારી સિઝનની આશાએ ખેડૂતોએ દેવું કરીને શિયાળુ સિઝનનું વાવેતર કર્યુ છે પરંતુ ગત ગુરુવારે ફરી એકવાર પડેલો કમોસમી વરસાદ ખેડૂતો માટે ‘પડતા ઉપર પાટુ‘ પુરવાર થયો છે કારણ તોફાની પવન સાથે ખાબકેલા વરસાદથી દાડમના વધ્યા ઘટ્યા બગીચા ખેદાન મેદાન કરવા સાથે ઘઉં, રાયડો, જુવાર, શાકભાજી સહિતના વાવેતરનો સોથ વાળી દીધો છે. કુદરતના વધુ એક પ્રહારથી જગતનો તાત ગણાતો ખેડૂત હચમચી ઉઠ્યો છે.